# પ્રેસનોટ

**વિષયઃ**-સઘન ઝુંબેશ ડ્રાઇવ અંગે અસરકારક કામગીરી કરવા બાબત

મે. પોલીસ કમિશ્નરશ્રીની સુચના મુજબ આગામી તા.12/8/2015 થી તા.12/9/2015 સુધી એક માસ માટે ટ્રાફિક પોલીસ અને સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારી દ્વારા અગત્યના ટ્રાફીક જંકશનો પર ટ્રાફીક નિયમોના ભંગ કરનાર વાહન ચાલકો દ્વારા આચરવામાં આવતા ગુનાઓ જેવા કે, (1) રોંગ સાઇડ ડ્રાઇવીંગ (2) ટુ વ્હીલર ચાલક દ્વારા હેલ્મેટ ન પહેરવું (3) ચાલુ ડ્રાઇવીંગ મોબાઇલ ફોન પર વાત કરવા અને (4) શટલ રિક્ષાની અનિર્ણાયક –અવરોધરૂપ વર્તણુંક તેમજ તમામ પ્રકારના ટ્રાફિક ગેરશિસ્ત/ નિયમોના ભંગ સબંધે સઘન ઝુંબેશ કરી રોંગ સાઇડ ડ્રાઇવીંગ માટે IPC 279/ MV ACT 184 હેઠળ ગુના અને સ્થળદંડ, હેલ્મેટ ન પહેરવા અંગે NC/ સ્થળદંડ ચાલું ડ્રાઇવીંગ મોબાઇલ ફોનથી વાત કરનાર વિરૂદ્ધ IPC 279/MV Act 184/ મુજબના અને સ્થળદંડ અને રોડ પર અવરોધરૂપ પાર્કીંગ અને ટ્રાફિક અવરોધ પરિબળો સામે IPC 283, હેઠળ ગુના ચાર રસ્તા પર ઝુંડ સ્વરૂપે અવરોધ સાથે ડ્રાઇવીંગ લાયસન્સ અને બેઝ વિના શટલ રીક્ષા તરીકે પેસેન્જર હેરાફેરી કરતી રિક્ષાઓને MV ACT 207 હેઠળ ડીટેઇન કરી તેના ડ્રાઇવર અને માલીક વિરૂદ્ધ RTO મેમો ઉપરાંત વાહનના રજીસ્ટ્રેશન રદ કરવા RTO ને રિપોર્ટ ઉપરાંત IPC 283 હેઠળ ગુના વિગેરે કાર્યવાહી કરવા સબંધેની ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે.

આ ડ્રાઇવ દરમ્યાન BRTS રૂટ પરના વાહન ચેકીંગ/આવતા વાહન ચાલકો વિરૂદ્ધ BP ACT 131, IPC 188 મુજબ અથવા ભયજનક રીતે વાહન ચલાવવા બદલ MV ACT 184,119,177 હેઠળ સ્થળદંડની કાર્યવાહી કરવામાં આવશે. આ ડ્રાઇવ દરમ્યાન આર.ટી.ઓ. પણ પોલીસ સાથે જોડાનાર છે.

આને અનુલક્ષી તમામ પ્રકારના વાહન ચાલકોને ટ્રાફિકના નિયમો અનુસરવા અને વાહન સબંધી દસ્તાવેજી પુરાવાઓ જેવા કે ડ્રાઇવિંગ લાયસન્સ, બેઝ, રજીસ્ટ્રેશન વિમાના કાગળો, પી.યુ.સી. જેવા સાધનિક કાગળો સાથે રાખવા વિનંતી છે. આ ડ્રાઇવ દરમ્યાન દેખીતી રીતે ટ્રાફિક નિયમોના ભંગ કરનાર વાહન ચાલકો વિરૂદ્ધ સઘન કાર્યવાહી થનાર છે.

(હરિકૃષ્ણ પટેલ)
અધિક પોલીસ કમિશ્નર
ટ્રાફીક, અમદાવાદ શહેર